# APPENDIX C

## Reading Analysis Test

Reading Analysis Test has five major components. These are: Listening comprehension, Hearing sounds in words, Word recognition and analysis, Oral reading and silent reading. For each of these, instructions for administration, record of responses and errors, scoring procedure and maximum score are presented in the following pages. A child's final score on the test is derived after adding his scores of all the five components.

| Component | Maximum Score I | II | III |
|---|---|---|---|
| 1. Listening comprehension | 11 | 13 | 15 |
| 2. Hearing sounds in words | 14 | 14 | 14 |
| 3. Word recognition | 90 | 90 | 90 |
| 4. Oral reading | 9 | 13 | 17 |
| 5. Silent reading | 18 | 26 | 34 |
| Total Score | 142 | 156 | 170 |

## Listening Comprehension

Instructions for Administration

In this component, the administrator reads out aloud to the child, the paragraph indicated for his grade. The child is then required to orally answer questions based on that passage.

Begin with the paragraph indicated for the child's grade. Ordinarily a child should be able to answer all questions of the complex paragraph of his level. If two or more questions are missed, use a paragraph of a lower level. Estimate his listening comprehension as being on the level where not more than one question is missed.

Expected Levels and Paragraphs to be Read

| | | | | |
|---|---|---|---|---|
| Grade | : | I | II | III |
| Paragraph | : | 2 | 3 | 4 |
| Level | : | 2 | 3 | 4 |

Scoring: Give a score of one for each question answered correctly. Give a score of zero for incorrect answer. The basis of the scores each level haw been assigned the following scores.

If a child answers questions of the complex level paragraph, add to his score the score of the simple paragraph of his level also. On the basis of the score the levels are determined as given below:

| Score | Level |
|---|---|
| 14 to 15 | Level 4 |
| 12 to 13 | Level 3 |
| 10 to 11 | Level 2 |
| 6 to 9 | Level 1 |
| Less than 8 | Below level 1 |

Maximum score:

| Grade | Score |
|---|---|
| I | 11 |
| II | 13 |
| III | 15 |

Paragraphs for Listening Comprehension : Set 1.

૧. એક બિલાડી હતી. તેનો રંગ સફેદ હતો. એ મ્યાઉં - મ્યાઉં બોલતી હતી. એ ઉંદરને ભગાડતી હતી, પણ કૂતરાથી ડરતી હતી. કૂતરાંને જોઇને એ સંતાઇ જતી હતી.

પ્રશ્નો :

૧. આ કોની વાર્તા છે ?

૨. બિલાડીનો રંગ કેવો હતો ?

૩. એ શું બોલતી હતી ?

૪. એ કોને ભગાડતી હતી ?

૫. એ કૂતરાંને જોઇને કેમ સંતાઇ જતી હતી ?

૨. મીના પાસે એક પોપટ હતો. પોપટ પાંજરામાં રહેતો હતો. મીના દરરોજ પોપટને મરચાં અને જામફળ આપતી હતી. બીજા પક્ષીઓને બહાર જોઇને પોપટને પણ બહાર ઊડવાનું મન થતું હતું. એક દિવસ મીના પાંજરાનું બારણું બંધ કરવાનું ભૂલી ગઇ. પોપટ બહાર નીકળી ગયો. આ જોઇને મીના રડવા લાગી.

પ્રશ્નો :

૧. કોની પાસે પોપટ હતો ?

૨. પોપટ શેમાં રહેતો હતો ?

૩. મીના પોપટને શું ખાવા આપતી હતી ?

૪. બહાર પક્ષીઓને જોઇને પોપટને શું કરવાનું મન થતું હતું ?

૫. પોપટ કેવી રીતે બહાર નીકળ્યો ?

૬. મીના કેમ રડવા લાગી ?

૩. દિવાળી આસો મહિનામાં આવે છે. દિવાળીનો તહેવાર પાંચ દિવસોનો હોય છે. દિવાળીના તહેવારમાં બધા લોકોને રજા હોય છે. દિવાળી આવે એ પહેલાં, બધા ઘરમાં સફાઇ કામ કરે છે. દિવાળીના દિવસોમાં ઘરનાં આંગણમા લોકો સુંદર રંગીન સાથીયાં પૂરે છે અને તોરણો લટકાવે છે. આમ આખા ઘરને શણગારે છે. રાત પડે ત્યારે બધાં ઝગમગતા દિવા કરે છે અને ફટાકડા ફોડે છે. દિવાળીમાં બધાને ઘેર સારું-સારું ખાવાનું બનાવવામા આવે છે. દિવાળીનો બીજો દિવસ બેસતું વર્ષ છે. આ દિવસે લોકો એક બીજાને ઘેર મળવા જાય, અને 'સાલ મુબારક' કહે છે. આમ દિવાળીનો તહેવાર ખૂબ આનંદથી ઉજવાય છે.

પ્રશ્નો :

૧. દિવાળી કયા મહિનામાં આવે છે ?
૨. દિવાળીનો તહેવાર કેટલા દિવસોનો હોય છે ?
૩. દિવાળી આવે પહેલાં લોકો શું કરે છે ?
૪. લોકો પોતાનાં ઘર કેવી રીતે શણગારે છે ?
૫. રાત્રે લોકો શું શું કરે છે ?
૬. બેસતા વર્ષને દિવસે લોકો એકબીજાને ઘેર કેમ જાય છે ?
૭. ત્યાં જઇને શું કહે છે ?

૪. એક દિવસ હંસા મોડી ઉઠી. આજે એને નિશાળે જવું નહોતું. તેના બાપુજીએ તેને સમજાવ્યું કે નિશાળમાં તારાબહેન તને લખતાં અને વાંચતાં શીખવાડશે. નવી નવી વાર્તાઓ કહેશે અને નવી નવી રમતો પણ રમાડશે. આ સાંભળીને હંસાને નિશાળે જવાનું મન થયું. એટલામાંજ એનો બહેનપણી આશા એને તેડવા આવી. હંસા જલ્દી તૈયાર થઇ નિશાળે ગઇ. નિશાળમાં તેણે વાંચન અને લેખન કર્યું. રિસેસમાં તે તેની બહેનપણીઓ સાથે પકડદાવ રમી. શાળાનો સમય પૂરો થતાં તે હસતી હસતી ઘેર આવી.

પ્રશ્નો :

૧: કોને નિશાળે નહોતું જવું ?
૨. નિશાળે જવા માટે હંસાને કોણ સમજાવતું હતું ?
૩. નિશાળમાં બાળકોને બહેન શું કરાવે છે ?
૪. હંસા નિશાળે જવા કેમ તૈયાર થઇ ?
૫. હંસાને કોણ તેડવા આવ્યું ?
૬. નિશાળમાં હંસાએ શું શું કર્યું ?
૭. રિસેસમાં હંસાએ શું શું કર્યું ?
૮. હંસા કેમ હસતી હસતી ઘેર ગઇ ?

Paragraphs for Listening Comprehension : Set 2.

૧. એક નાનું કૂતરાંનું બચ્ચું ઘેરથી નાસી ગયું. એ રસ્તા ઉપર દોડવા લાગ્યું. રસ્તા ઉપર ગાડી, સાયકલ, રીક્ષા અને બસ જોઇને એ ખૂબ ગભરાઇ ગયું. એટલે એ એક ઝાડ નીચે સંતાઇ ગયું.

પ્રશ્નો :

૧. કોણ ઘેરથી નાસી ગયું ?
૨. એ કયાં દોડતું હતું ?
૩. રસ્તા ઉપર શું હતું ?
૪. બચ્ચું કેમ સંતાઇ ગયું ?
૫. એ કયાં સંતાઇ ગયું ?

૨. એક મરઘી હતી. એને છ બચ્ચાં હતાં. એકદિવસ મરઘી અને એનાં બચ્ચાં ફરવા ગયાં. એ ગીતાના બાગમાં ફરતાં હતાં. ગીતાએ એમને જોયા અને એમની પાસે ગઇ. ગીતાએ એમને બાજરી નાંખી. મરઘી અને બચ્ચાં આ જોઇને ખાવા લાગ્યાં. એટલામાં એક કૂતરો ભસતો - ભસતો આવ્યો. મરઘી અને બચ્ચાં દાણાં પડતાં મૂકીને ભાગી ગયાં.

પ્રશ્નો :

૧. આ કોની વાર્તા છે ?
૨. મરઘી ને કેટલાં બચ્ચાં હતાં ?
૩. મરઘી અને બચ્ચાં કયાં ફરવા ગયાં ?
૪. ગીતાએ એમને શું આપ્યું ?
૫. મરઘી અને એનાં બચ્ચાં કેમ ભાગી ગયાં ?

૩. એક મોટી નદી હતી. નદી કાંઠે એક જાંબુનું ઝાડ હતું. ઝાડ ઉપર વાંદરો રહેતો હતો. નદીમાં એક કાચબો રહેતો હતો. વાંદરો અને કાચબો ભાઇબંધ હતા. વાંદરો અને કાચબો રોજ સાથે બેસીને વાતો કરે. વાંદરો જંગલમાંથી તાજાં, મીઠાં ફળ લાવે કાચબો અને વાંદરો નદી કાંઠે બેસીને ફળ ખાય. વાંદરાને ઘણી વખત કાચબાને ઘેર જવાનું મન થતું હતું પણ એ કેવી રીતે જાય ?

પ્રશ્નો :

૧. નદી કાંઠે શેનું ઝાડ હતું ?
૨. વાંદરો ક્યાં રહેતો હતો ?
૩. નદીમાં કોણ રહેતું હતું ?
૪. વાંદરો અને કાચબો સાથે બેસીને શું કરતાં હતાં ?
૫. વાંદરો ફળ ક્યાંથી લાવતો હતો ?
૬. કાચબો અને વાંદરો ક્યાં બેસીને ફળ ખાતાં હતાં ?
૭. વાંદરો કાચબાને ઘેર કેમ નહોતો જતો ?

૪. લતા સવારે એકદમ જલ્દી ઉઠી. આજે એનો જન્મ દિવસ હતો. દોડતી દોડતી તે તેના મમ્મી-પપ્પા પાસે ગઇ અને એમને ભેટી પડી. પછી તેણે નાહીને સરસ નવું ફરાક પહેર્યું. વાદળી રંગનું રેશમી ફરાક પહેરીને એ કૂદવા લાગી. મમ્મી-પપ્પા સાથે તેણે નાસ્તો કર્યો. પછી તે નિશાળે જવા નીકળી દફતરમાં એણે બધા બાળકો માટે પીપર લીધી હતી એને જોઇને બધા બાળકોએ જન્મદિવસના અભિનંદન આપતું ગીત ગાયું. પછીલતાએ શિક્ષકોને અને બાળકોને પીપર વહેંચી. નીતા એની ખાસ બહેનપણી હતી એને નીતાને ત્રણ પીપર આપી.

પ્રશ્નો :

૧. કોનો જન્મદિવસ હતો ?
૨. લતાએ મમ્મી-પપ્પાને શું કર્યું ?
૩. કોની સાથે એણે નાસ્તો કર્યો ?
૪. લતાએ બાળકોને શું વહેંચ્યું ?
૫. બાળકોએ કયું ગીત ગાયું ?
૬. લતાએ પછી શું કર્યું ?
૭. લતાએ નીતાને કેમ ત્રણ પીપર આપી ?

# Hearing Sounds in Words

## Instruction for Administration

This test is devised for auditory perception and discrimination. Say the specific instructions given before each set of words. Speak the words in a distinct, well modulated and clear voice at normal speed.

Record of responses and errors: Record all correct and incorrect words. Also record whether the errors are in beginning words, ending words or in both beginning and ending words.

## Scoring

Give a score of 'one' for each correct response.

Give a score of 'zero' for a wrong response.

Maximum Score : 14

Hearing Sounds in Words : Set 1.

૧. હું શબ્દો બોલું એમાં 'ક'થી શરૂ થતાં શબ્દો મને કહો :

| | | | |
|---|---|---|---|
| પોપટ | કબૂતર | દિવસ | પંખી |
| કીડી | ઉંદર | પાણી | બાગ |
| કપડાં | માટી | કૂંજો | ચાચ |
| કમળ | ઝાડ | શિયાળ | કાગડો |

૨. હવે 'મ'થી શરૂ થતાં શબ્દો મને કહો :

| | | | |
|---|---|---|---|
| બતક | માળો | બોર | આકાશ |
| નદી | જંગલ | મગર | વાંદરો |
| મીની | ગરીબ | શ્રવણ | મોટો |
| મંદિર | મોતી | જાત્રા | પહાડ |

૩. હવે 'શ'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| ચતુર | ઘોડો | ઘાસ | શિયાળ |
| શાણો | કોયલ | સિંહ | કબાટ |
| શિકાર | ચકલી | કૂકડો | શાક |
| કિનારો | શીંગોડા | વાંદરો | શાળા |

૪. હવે 'ખ'થી પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| વરદાન | ચરખો | નાગ | દડો |
| લખ | જૂની | નખ | ગુસ્સો |
| પરખ | પાંખ | રાજા | રકાબી |

૫. હવે 'ર'થી પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| સાગર | જંગલ | દર | ખુરશી |
| જાંબુ | કેરી | દરાખ | ઉંદર |

૬. હવે 'ન'થી પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| રંગીન | વિમાન | પહાડ | રામ |
| ધન | પશુ | મન | ગામ |

૭. 'ન'થી શરૂ અને પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| નવીન | કરણ | દમન | નયના |
| ચમન | રમણ | નલિન | રૈન |

૮. 'મ'થી શરૂ અને પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| ગરમ | નરમ | મુલાયમ | માટલાં |
| દુકાન | મુકામ | મમરા | કરમ |

૯. (હ'ક'થી શરૂ અને પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| કુમાર | કેસુડો | કમરક | મુબારક |
| રમકડાં | કૌશિક | કેટલાં | કુકર |

૧૦. 'ટા'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| ડાકોર | ટાંઢા | XXX પાતળા | કાપડ |

૧૧. 'મો'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| ચોપડી | ગોપી | ટોપી | મોઢું |

૧૨. 'લી'થી શરૂ થતાં શબ્દો કહો :

૧૩. 'હે'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| કેવડો | હેતલ | પેંડા | નેહલ |

૧૪. હવે 'ઉ'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| અમાસ | ઈલા | અક્ષર | ઉત્તર |

Hearing Sounds in Words : Set 2.

૧. હું શબ્દો બોલું એમાં 'ક'થી શરૂ થતાં શબ્દો મને કહો :

| | | | |
|---|---|---|---|
| માછલી | કબાટ | ચકલી | બિલાડી |
| ચીકુ | જામફળ | કેરી | બોર |
| કૂતરો | ગાય | કાબર | ભેંસ |

૨. હવે 'મ'થી શરૂ થતાં શબ્દો મને કહો :

| | | | |
|---|---|---|---|
| મધ | દૂધ | કબાટ | તળાવ |
| મોર | સિંહ | સસલું | મચ્છર |
| મગન | મોઢું | આંખ | ગાય |

૩. હવે 'શ'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| બકરી | શિકારી | કીડી | શાક |
| સમડી | શાળા | શિયાળો | પાણી |
| શાક | કબૂતર | કોયલ | શક્કરીયાં |

૪. હવે 'ખ'થી પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| દરાખ | કનક | દુઃખ | કચરો |
| દાદા | લાખ | ભાઇ | ભૂખ |

૫. હવે 'ર'થી પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| ઘર | મરચું | સાડી | સ્વેટર |
| મોર | રડવું | ઉપર | ગામ |

૬. હવે 'ન'થી પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| નગીન | રમણ | પાન | કામ |
| વરસાદ | કાચબો | મન | અને |

૭. 'ન'થી શરૂ થતાં અને પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| ધૂળ | નયન | કપડાં | નગીન |
| નમન | તાપ | હરણ | ખૂબ |

૮. 'મ'થી શરૂ થતાં અને પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| વાડી | મલમ | દૂર | વાર્તા |
| મમ્મી | ગુલાબ | મોર | બિલાડી |

૯. 'ક'થી શરૂ થતાં અને પૂરાં થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| જમના | કનક | ભજન | લસણ |
| કડક | ગરમ | ખમીસ | માંકડ |

૧૦. 'ટા'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| કેળાં | ટામેટાં | ગુલાબ | ટેબલ |

૧૧. 'મો'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| માછલી | ગાય | મોગરો | ચાંદી |

૧૨. 'લી'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| લાલ | ભૂરો | સફેદ | લીટી |

૧૩. 'હે'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| હેરાન | પક્ષી | ફૂલ | હીંચકો |

૧૪. 'ઉ'થી શરૂ થતાં શબ્દો કહો :

| | | | |
|---|---|---|---|
| આજે | ઉગે | હમણાં | સોનું |

Word Recognition, Analysis and Visual Memory of Words

Instruction for Administration

1. Show each child, the card with a word written on it, for just one glance. Ask him to point out to the word from a set of three words. If he gives a correct response mark a ( _/ ) under visual memory of words.
2. If the child fails on the test of 'visual memory of words' show the card to the child again. This time let him study and pronounce the word. Record under 'Analysis' a ( _/ ) for each correct response and make a phonetic record of mispronunciations, if any. If the child cannot solve the word, or if he gives an incorrect pronounciation, pronounce the word for him before going on. If the child corrects a wrong pronunciation by himself, allow his final result to stand.
3. Continue through the test until seven successive errors are obtained or until all the words are completed.
4. If seven successive errors are established on the test of 'visual memory of words', but not on the pronunciation test, give the next higher test as a pronunciation test only.

Scoring

Give a score of two for a correct response under the test of visual memory of words and a score of zero for an incorrect one.

Give a score of one for correct response under 'Analysis' and zero for incorrect response.

Maximum score : 90

## Word Recognition, Analysis and Visual Memory of Words: Set 1.

| | | | |
|---|---|---|---|
| ૧. | જમ | (ભ્રમ) | ધમ |
| ૨. | મન | નમ | (ધમ) |
| ૩. | (ફર) | ભર | ડર |
| ૪. | જમણ | ભમર | (ડમર) |
| ૫. | અમર | અજગર | (હોસન) |
| ૬. | નમન | (જમન) | ચમન |
| ૭. | છગન | મગન | (ગમન) |
| ૮. | ખમણ | ડગર | (ટગર) |
| ૯. | પરમ | ડરમ | (બરફ) |
| ૧૦. | મજા | ધજા | (રજા) |
| ૧૧. | આકાશ | (આભાર) | આરામ |
| ૧૨. | આભ | જાપ | (માપ) |
| ૧૩. | એક | (છેક) | નેક |
| ૧૪. | (તેણે) | એણે | મેળે |
| ૧૫. | તેમણે | (એમને) | તેમને |
| ૧૬. | (પોતે) | જાતે | સાથે |
| ૧૭. | કોણે | તોડે | (મોઢે) |
| ૧૮. | આકાશે | અમાસે | (સવારે) |
| ૧૯. | લીના | (બીના) | મીના |
| ૨૦. | ધીમે | (ગીત) | મોત |
| ૨૧. | મીઠો | (જીતી) | લીલી |
| ૨૨. | નિધિ | (દિપા) | નિતા |
| ૨૩. | (રિમઝિમ) | પરિમલ | દિવસ |
| ૨૪. | (ઇના) | દિશા | નિશા |
| ૨૫. | દિવાળી | કિમતી | (રૂપાળી) |

| | | | |
|---|---|---|---|
| ૨૬. | પિતાજી | ફિરકો | (નિરાળી) |
| ૨૭. | (ઇયળ) | ઇના | ઇલા |
| ૨૮. | (લૂમ) | ગુમ) | ધ્રૂમ |
| ૨૯. | (ધુવડ) | ફુવડ | ધુમર |
| ૩૦. | મીનુ | (ભોનું) | ધીમું |
| ૩૧. | ખૂબ | ભૂખ | (ઝૂલ) |
| ૩૨. | ફૂલ | (પૂર ) | બૂમ |
| ૩૩. | (ધ્રૂમર) | પૂનમ | ભૂલ |
| ૩૪. | ભૂરું | પૂરું | (ધારું) |
| ૩૫. | ખરું | (જીરું) | કેળું |
| ૩૬. | (કૂમળું ) | કૂતરું | ઉપલું |
| ૩૭. | કૂગ્ગો | (બોલ્યા) | ફોલ્યા |
| ૩૮. | (શિક્ષક) | પક્ષી | પ્યાલો |
| ૩૯. | (વૈદ) | સ્મિત | કૃપા |
| ૪૦. | (મર્મ) | કર્મ | કાર્ય |
| ૪૧. | (સુગંધ) | દુર્ગંધ | ભૂકંપ |
| ૪૨. | નિષ્ઠા | (જાગ્યા) | નિત્ય |
| ૪૩. | (પ્રથમ) | સ્વચ્છ | તીર્થ |
| ૪૪. | (ઔષધ) | ભૌતિક | સૌષ્ઠવ |
| ૪૫. | સાષ્ટાંગ | (આકર્ષક) | પ્રીતિ |

## Word Recognition, Analysis and Visual Memory of Words : Set 2.

| | | | |
|---|---|---|---|
| ૧. | રમ | (નમ) | પગ |
| ૨. | ફળ | રથ | (ભમ) |
| ૩. | (ઘર) | દર | ચર |
| ૪. | ગઢ | (ઢગ) | ચડ |
| ૫. | (કમર) | નરમ | રકમ |
| ૬. | નગર | (જગન) | મગન |
| ૭. | કનક | જનક | (રતન) |
| ૮. | (બરફ) | નરફ | ફણસ |
| ૯. | લસણ | (લગન) | ગગન |
| ૧૦. | (માપ) | તાપ | નાક |
| ૧૧. | ચાટ | કાચ | (હાથ) |
| ૧૨. | જાત | (ભાત) | તાત |
| ૧૩. | કેમ | (એમ) | જેમ |
| ૧૪. | એને | મેળે | (ભેળે) |
| ૧૫. | નેહ | (ખેતર) | તેતર |
| ૧૬. | બોર | ઘોડો | (લોટો) |
| ૧૭. | (ભોજન) | રાજન | રોહન |
| ૧૮. | એમને | (ઓટલે) | ભોટવો |
| ૧૯. | (પીળી) | લીલી | સીટી |
| ૨૦. | જાળી | પાણી | (માળી) |
| ૨૧. | (રૂપાળી) | જણાવી | ભણાવી |
| ૨૨. | (દિશા) | નિશા | ભિક્ષા |
| ૨૩. | (શિક્ષા) | મિત્ર | કિંમત |
| ૨૪. | નિરમા | (ગિર) | નિરાશ |
| ૨૫. | નિરાળી | (દિવાળી) | ઢીંગલી |

| | | | |
|---|---|---|---|
| ૨૬. | પિતાજી | કિંમતી | પિપાણી |
| ૨૭. | ભિખારી | (શિકારી) | મિનાક્ષી |
| ૨૮. | કુળું | ભૂરું | (ધીમું) |
| ૨૯. | (જુદું) | કુદુ | કેવું |
| ૩૦. | કાળુ | (ભાળું) | જાણું |
| ૩૧. | ડૂબ | (ફૂલ) | ભૂમ |
| ૩૨. | પૂનમ | પૂર | (લુમ) |
| ૩૩. | (ચૂપ) | સૂંઠ | ભૂંડ |
| ૩૪. | (ધૂંધળું) | ભૂખરું | લુલુ |
| ૩૫. | (ઉંદર) | ઉમા | ઉકાળે |
| ૩૬. | ઊનિ | (ઊંટ) | ઊનાળો |
| ૩૭. | શબ્દ | (છગ્ગો) | ફૂગ્ગો |
| ૩૮. | પપૈયુ | (સૈનિક) | કૈલાસ |
| ૩૯. | પૈંઆ | કૌશિક | (મૌખિક) |
| ૪૦. | (પર્વ) | ગર્વ | મર્ચ |
| ૪૧. | કર્યું | (રચ્યું) | પર્વત |
| ૪૨. | આવ્યા | (ચમકયા) | પ્યાલો |
| ૪૩. | અગ્નિ | મસ્જિદ | (સ્વચ્છ) |
| ૪૪. | અસ્પષ્ટ | (ભ્રષ્ટ) | મસ્ત |
| ૪૫. | અનિષ્ઠ | (ધનિષ્ઠ) | ભવ્યાંદ |

## Oral Reading

Instructions for Administration

Which paragraphs shall the child read? Two paragraphs for each standard i.e. first to third are given. The two paragraphs for each standard comprise of one simple and one complex passage for that standard.

The passages increase in complexity in terms of number of ideas conveyed, length of passages and complexity of words and sentences. The questions too increase in number/complexity, dealing with vocabulary, word meaning, inferential and cause effective relationships in later passages.

Start the child on the complex passage for that standard. If the child makes two or more errors in the beginning paragraphs (except repetition errors), have him read the preceeding paragraphs. This will establish the 'basal paragraph'.

A child who can read the complex paragraph for his standard, should be asked to read the simple paragraph of the next standard. Continue with complex passages until two or more errors are committed. This will establish the 'upper level'.

Following are the beginning (complex) paragraphs to be read:

| | | | |
|---|---|---|---|
| Grade : | I | II | III |
| Paragraph : | 2 | 4 | 6 |

Record of responses and errors

1. Time required for reading each paragraph.

2. Number of questions answered correctly.
3. Record of the following errors:
   a. Circle around omitted words or parts of words.
   b. Words pronounced for the child designated by the letter 'P'.
   c. Insertion of words or syllables indicated by ^ with the insertion shown above.
   d. If errors are too rapid to make a recording, draw a line through words that are mispronounced.
   e. Put an X through commas and periods which are ignored by the child.
   f. Put a _/ above words on which a child hesitates.
   g. Circle around the words/letters repeated.
   h. Record phonetically all mispronunciations.

Scoring

Score one for each question answered correctly, and zero for incorrect answer.

If a child reads the complex level paragraph, add to his score the scores of the simple paragraph of his level also. For example, if a child of II standard reads paragraph 4 which is the complex paragraphs of his level, by answering all the questions correctly, his total score would be 6 (as six questions of complex paragraph) + 5 questions of simple paragraph of his level (i.e. paragraph number 3).

Maximum scoring

| Grade | Score |
|---|---|
| I | 9 |
| II | 13 |
| III | 17 |

Paragraphs for Oral Reading : Set 1.

૧. આ કનક છે.

આ રતન છે.

કનક ઝાડ ઉપર ચડે છે.

રતન રમત રમે છે.

કનક અને રતન સાથે નિશાળે જાય છે.

પ્રશ્નો :

૧. આ કોની વાર્તા છે ?

૨. ઝાડ ઉપર કોણ ચડે છે ?

૩. રતન શું કરે છે ?

૪. કનક અને રતન સાથે ક્યાં જાય છે ?

૨. મારૂં નામ પરાગ છે.

આ મારા માતા-પિતા છે.

તેઓ મને ખૂબ વહાલ કરે છે.

આ મારા દાદા છે.

એ મને રોજ વાર્તા કહે છે.

આ મારા દાદી છે.

એ મને રોજ મંદિરમાં લઇ જાય છે.

અમે બધા હળી-મળીને રહીએ છીએ.

મને મારૂં કુટુંબ ખૂબ ગમે છે.

પ્રશ્નો :

૧. આ કોની વાર્તા છે ?

૨. પરાગને કોણ વહાલ કરે છે ?

૩. દાદા શું કહે છે ?

૪. પરાગને મંદિરમાં કોણ લઇ જાય છે ?

૫. પરાગને એનું કુટુંબ કેમ ગમે છે ?

૩. એક વડનું ઝાડ હતું.
ઝાડ ઉપર માળો હતો.
માળામાં એક ચકલો અને ચકલી રહેતાં હતાં. સાથે એક બચ્ચુ પણ રહેતું હતું. બચ્ચું ખૂબજ નોનું હતું. બચ્ચાને ઊડતાં આવડતું નહોતું એને રોજ ચકલી અને ચકલો ખાવાનું ખવડાવતાં હતાં.

પ્રશ્નો :

૧. શેનું ઝાડ હતું ?
૨. માળો કયાં હતો ?
૩. માળામાં કોણ-કોણ રહેતું હતું ?
૪. બચ્ચાંને શું નહોતું આવડતું ?
૫. બચ્ચાંને કેમ ઊડતાં નહોતું આવડતું ?
૬. બચ્ચાંને કેમ જાતે ખાતાં અવડતું નહોતું ?

૪. એક મોટું, ગીચ, ભયાનક જંગલ હતું. જંગલમાં ઘણાં જંગલી પ્રાણીઓ રહેતાં હતાં. એ જંગલમાં એક સસલું પણ રહેતું હતું. સસલું એક ઝાડની બખોલમાં રહેતું હતું. સસલું રોજ સવારે વહેલું ઊઠતું હતું તેને ખૂબજ ભૂખ લાગતી હતી એ જલ્દી - જલ્દી ખોરાક શોધવા નીકળી પડતું હતું. સુંદર મઝાના તાજાં ગાજર શોધી લાવતું અને મજાથી ખાતું હતું.

પ્રશ્નો :

૧. આ કોની વાર્તા છે ?
૨. સસલું કયાં રહેતું હતું ?
૩. સસલું કયારે ઊઠતું હતું ?
૪. એ કેમ ખોરાક શોધવા નીકળતું હતું ?
૫. સસલું શું શોધી લાવતું ?
૬. 'ભયાનક' એટલે શું ?
૭. 'બખોલ' એટલે શું ?

૫. આજે રજા છે. લતા અને કમલ બાગમાં ગયાં. બાગમાં સુંદર, સુગંધી ગુલાબ અને મોગરાનાં ફૂલ હતાં, અને બાગમાં મીઠી-મીઠી સુગંધ આવતી હતી. બાગમાં પંખીઘર અને પ્રાણીઘર હતાં. લતા અને કમલએ રંગબેરંગીન પંખી જોયા. પ્રાણીઘરમાં બધાં પ્રાણીઓ ખાતાં હતાં. લતા અને કમલને પણ ખૂબ ભૂખ લાગી હતી. એમણે ઝાડ નીચે બેસીને કેળાં ખાધાં. એમણે પાણી પીધું, પછી બન્ને ઘેર ગયા.

પ્રશ્નો :

૧. લતા અને કમલ કયાં ગયાં ?
૨. એમણે ત્યાં કયા ફૂલ જોયાં ?
૩. ત્યાં મીઠી સુગંધ કેમ આવતી હતી ?
૪. બાગમાં બીજુંશું હતું ?
૫. લતા અને કમલે શું જોયું ?
૬. લતા અને કમલે કેમ કેળાં ખાધાં ?
૭. પંખીઘરમાં કોણ રહે છે ?
૮. પ્રાણીઘરમાં કોણ રહે ?

૬. નળસરોવરમાં બે બતક રહેતી હતી. બન્ને બતક ખૂબ રૂપાળી હતી. સવાર પડે અને બન્ને ખોરાકની શોધમાં નીકળી પડે. સરોવરમાં ઘણી માછલીઓ હતી. બન્ને બતક રોજ માછલી પકડી અને ખાય. એક દિવસ ટીનું ને બતક જોવાનું મન થયું. એ નળસરોવર ગયો. એ રોટલી ખાતો હતો અને હાથમાં ધાણી પણ લીધી હતી. બતકોને પાણીમાં જોઇને એ ખૂબ ખુશ થઇ ગયો. એણે ધાણી પાણીમાં નાખી. બતકોએ ધાણી ઉપર તરાપ મારી અને ખાઇ ગઇ. ટીનુંએ તાળી પાડી.

પ્રશ્નો :

૧. બન્ને બતક કયાં રહેતી હતી ?
૨. સવારે બતકો શું કરતી હતી ?
૩. બન્ને બતક રોજ શું ખાતી હતી ?
૪. ટીનું કેમ નળસરોવર ગયો ?
૫. એ શું ખાતો હતો ?
૬. એણે ધાણી કેમ લીધી હતી ?
૭. બતકોએ ધાણી ઉપર કેમ તરાપ મારી ?
૮. ટીનું એ કેમ તાળી પાડી ?
૯. બતકો કેવી હતી ?

Paragraphs for Oral Reading : Set 2.

૧. આ અમર છે. આ અમરનો નાનો ભાઇ અજય છે. અમર અને અજયને સંગીત ખૂબ ગમે. અમર વાંસળી વગાડે છે. અજય ઢોલક વગાડે છે.

પ્રશ્નો :

૧. અમરના નાના ભાઇનું નામ શું છે ?
૨. બંન્ને ભાઇઓને શું ગમે છે ?
૩. અમર શું વગાડે છે ?
૪. ઢોલક કોણ વગાડે છે ?

૨. આ રમુકાકા છે. એ ખેડૂત છે. રામુકાકા સવારે વહેલા ઊઠીને ખેતરે જાય છે. સાથે એમનું બપોરનું જમવાનું પણ લઇ જાય છે. ખેતરમાં એ જમીન ખેડે છે. બીજ રોપે છે અને એને પાણી પાય છે. સાંજ પડે રામુકાકા ઘરે આવે છે.

પ્રશ્નો :

૧. રામુકાકા કોણ છે ?
૨. રામુકાકા સવારે વહેલા ઊઠીને કયાં જાય છે ?
૩. એ સાથે શું લઇ જાય છે ?
૪. રામુકાકા ખેતરમાં શું કામ કરે છે ?
૫. રામુકાકા ઘરે કયારે જાય છે ?

૩. લાલજીના ટેકરા ઉપર એક મંદિર છે. રોજ સવારે કાશીબા આવીને મંદિર સાફ કરે છે. પૂંજારો આવીને ભગવાનને ફૂલ ચડાવે છે અને પૂજા કરે છે. બધાં લોકો મંદિરમાં દર્શન કરવા આવે છે. પૂંજારો બધાને પ્રસાદ વહેંચે છે. બધા પ્રસાદ લઇ પ્રણામ કરે છે.

પ્રશ્નો :

૧. મંદિર કયાં આવ્યું છે ?
૨. મંદિરને સાફ કોણ કરે છે ?
૩. પૂંજારોએ શું કરે છે ?
૪. લોકો મંદિરમાં કેમ આવે છે ?
૫. પૂંજારો બધાને શું આપે છે ?
૬. બધા પ્રસાદ લઇ શું કરે છે ?

૪. ઉનાળાની રજાઓમાં રાજુ અને ચેતના મામાને ઘેર ગયા, મામા એમને સ્ટેશને લેવા આવ્યા હતાં. મામાની એક મોટી આંબાવાડી હતી. સાંજે બન્ને જણા મામા સાથે આંબાવાડીએ ગયા. ઝાડ ઉપર એમણે ઘણી કેરી લટકતી જોઇ. મામાએ એમને પાકી મીઠી કેરી તોડી આપી. રાજુ અને ચેતનાને કેરી ખાવાની ખૂબ મજા પડી.

પ્રશ્નો :

૧. ઉનાળાની રજામાં રાજુ અને ચેતના કયાં ગયા ?
૨. સ્ટેશને કોણ લેવા આવ્યું હતું ?
૩. બન્ને જણા મામા સાથે કયાં ગયાં ?
૪. રાજુ અને ચેતના આંબાવાડીએ કેમ ગયા ?
૫. આંબાવાડીમાં શું હતું ?
૬. પાકી કેરી સ્વાદે કેવી લાગે ?
૭. રાજુ અને ચેતનાને કેમ મઝા પડી ?

૫. મોર તો તમે બધાંએ જોયો જ હશે. કેટલું સુંદર પંખી છે ! મોરના માથે કલગી હોય છે. તેની ગરદન લાંબી અને વાંકી હોય છે. તેના પીંછા લાંબા અને રંગબેરંગી હોય છે. મોર જયારે આનંદમાં આવે છે ત્યારે તેના પીંછાં ફેલાવી કળા કરે છે. આ સુંદર મોર આપણા દેશનું રાષ્ટ્રિય પંખી ગણાય છે. એનો શિકાર કરવાની પરવાનગી કોઇને હોતી નથી.

પ્રશ્નો :

૧. આ કયાં પંખીની વાત છે ?
૨. મોરના માથે શું છે ?
૩. મોરનો ગરદન કેવો છે ?
૪. મોરના પીછાં કેવા છે ?
૫. મોર કયારે કળા કરે છે ?
૬. મોર કેવી રીતે કળા કરે છે ?
૭. મોર આપણા દેશનું રાષ્ટ્રિય પંખી કેમ ગણાય છે ?
૮. મોરનો શિકાર કેમ ન કરી શકાય ?

## Silent Reading

Instructions for Administration

Which paragraphs shall the child read? Two paragraphs for each standard, i.e. first, second, and third are given. The two paragraphs for each standard comprise of one simple and one complex passage for that standard. Complexity is in terms of number of ideas conveyed, length of passages, and complexity of words and questions.

Start the child on the complex passage for that standard, When the child has finished reading, record the time required at the top of the paragraph. Say 'tell me everything that you can remember of that story.

Those ideas that a child cannot recall, ask questions specifically about them. If a child gives more than two incorrect responses have him read the preceeding paragraph. This will establish his basal paragraph.

A child who can read the complex paragraph for his standard, should be asked to read the simple paragraph of the next standard. Continue with complex passages until two or more responses are incorrect. This will establish the upper level.

Following are the beginning paragraphs to be read:

| | | | | |
|---|---|---|---|---|
| Grade | : | I | II | III |
| Paragraph | : | 2 | 4 | 6 |

Record of responses and errors

1. Record all the ideas recalled voluntary. Also check as right those ideas directly inferred by the use of single

words. When the child stops, say: can you remember anything more about it? Record his additional memories. Write inaccuracies in recall in the space above the phrases. Cross out omitted words.

Scoring

Give a score of two for each idea recalled voluntary and a score of one for each idea recalled through questions.

Maximum score

| | | | |
|---|---|---|---|
| Standard | I | - | 18 |
| Standard | II | - | 26 |
| Standard | III | - | 34 |

Silent Reading : Set 1.

૧. આ મલય છે. આ ભરત છે. મલય ગીત ગાય છે. ભરત ભમરડો ફેરવે છે. મલય અને ભરત રોજ સાથે ફરવા જાય છે.

પ્રશ્નો:

૧. આ કોની વાર્તા છે ?

૨. મલય શું કરે છે ?

૩. ભમરડો કોણ ફેરવે છે ?

૪. મલય અને ભરત સાથે ક્યાં જાય છે ?

૨. મારૂં નામ મગન છે. આ મારી શાળા છે. હું રોજ શાળામાં જાઉં છું. શાળામાં હું ભણું છું. હું રોજ મારા મિત્રો સાથે શાળાએ જાઉં છું. શાળામાં હું રમત પણ રમું છું. રીસેસમાં અમને નાસ્તો આપે છે. મને શાળામાં બહુ મઝા આવે છે.

પ્રશ્નો :

૧. મગન રોજ ક્યાં જાય છે ?

૨. મગન કોની સાથે શાળાએ જાય છે?

૩. એ શાળામાં શું શું કરે છે?

૪. રીસેસમાં એમને શું આપે છે ?

૫. મગનને શાળામાં કેમ મઝા આવે છે ?

૩. એક જાડી બિલાડી હતી. એના શરીર ઉપર ચટાપટા હતાં. એની આંખો માંજરી અને ખૂબજ તેજ હતી. એને દૂધ ખૂબ ભાવતું હતું. એ બધા ઉંદરને ભગાડતી હતી. એને ભીના થવાનું સહેજ પણ નહોતું ગમતું. એ રવરસાદમાં કદીય બહાર નીકળતી નહોતી.

પ્રશ્નો :

૧. બિલાડી કેવી હતી ?

૨. એના શરીર ઉપર શું હતું ?

૩. એને શું ભાવતું હતું ?

૪. એ કોને ભગાડતી હતી ?

૫. એને શું રમવાનું ગમતું હતું ?

૬. એ વરસાદમાં કેમ બહાર નહોતી જતી ?

૪. એક મોટી ગૂફા હતી. ગૂફામાં એક સિંહ રહેતો હતો. સિંહ જંગલનો રાજા હતો. એ સવારસાંજ શિકાર કરવા નીકળતો હતો. બધા જાનવરો સિંહથી બીતા હતાં. સિંહને જોઇને બધા જાનવરો સંતાઇ જતાં હતાં. બધાં વાંદરાઓ ઝાડ ઉપર ચડી જાય, સસલા અને સાપ એમનાં દરમાં સંતાઇ જાય, મગર, દેડકા અને કાચબો બધા પાણીમાં સંતાઇ જાય.

પ્રશ્નો :

૧. સિંહ ક્યાં રહેતો હતો ?
૨. સિંહ સવાર-સાંજ શું કરતો હતો ?
૩. બધા જાનવરો સિંહથી કેમ બીતાં હતાં ?
૪. વાંદરાંઓ ક્યાં રહેતાં હતાં ?
૫. સસલાં અને સાપ દરમાં કેમ સંતાઇ જતાં હતાં ?
૬. મગર અને દેડકા ક્યાં રહેતાં હતાં ?
૭. "શિકાર" એટલે શું ?

૫. આજે ઉત્તરાયણ છે. બધાંને રજા છે. મીના અને એનો મોટો ભાઇ સુનિલ વહેલાં ઊઠીને અગાશી ઉપર ગયા. સુનિલે એક મોટી લાલ પતંગ લીધો અને દોરો બાંધ્યો. મીનાએ છૂટ આપી અને હવામાં પતંગ ઊંચે ઉડવા લાગી. મીના પતંગ ઉડતી જોઇને ખૂબ ખુશ થઇ ગઇ. પતંગ હવે સાવ નાની દેખાતી હતી. એટલામાં બે પતંગના પેચ લાગ્યા, અને સુનિલની પતંગ કપાઇગઇ.

પ્રશ્નો :

૧. બધાને કેમ રજા હતી ?
૨. મીના કોની સાથે અગાશીમાં ગઇ ?
૩. સુનિલની પતંગ કેવી હતી ?
૪. એણે પતંગને શું બાંધ્યું ?
૫. કોણે છૂટ આપી ?
૬. પતંગ કેમ નાની લાગતી હતી ?
૭. સુનિલની પતંગ કેમ કપાઇ ગઇ ?
૮. મીના કેમ ખુશ થઇ ?

૬. એક હાથી હતો. એ રોજ તળાવે પાણી પીવા જતો હતો. રસ્તામાં એક દરજીની દુકાન આવતી હતી. દરજી રોજ હાથીને કેળાં આપે. હાથી એની લાંબી સૂંઢથી કેળાં લઇ દરજીને સલામ કરીને તળાવે જાય. એક દિવસ દરજીએ હાથીની સૂંઢમાં સોય ખોસી. હાથી ખૂબ ચિઢાઇ ગયો, પણ એણે કશું કર્યું નહીં. તળાવેથી પાછા ફરતાં એ દરજીની દૂકાન આગળ ઉભો રહયો, અને એણે દરજીના સરસ, નવા કપડાં ઉપર કાદવ નાખ્યો. આમ હાથી એ એનો બદલો લીધો. હાથીએએરસ્તેથી જવાનું છોડી દીધું.

પ્રશ્નો :

૧. આ કોની વાર્તા છે ?
૨. હાથી તળાવે કેમ જતો હતો ?
૩. હાથીને કોણ કેળાં આપતું હતું ?
૪. હાથી કેળાં શેનાથી લેતો હતો ?
૫. હાથી કેળાં લઇને શું કરતો હતો ?
૬. હાથી કેમ ચીડાઇ ગયો ?
૭. તેણે કેમ કપડાં ઉપર કાદવ નાખ્યો ?
૮. "દરજી" શું કામ કરે ?
૯. "બદલો લીધો" એટલે શું ?

Silent Reading : Set 2.

૧. ભરતના ઘર પાસે દરરોજ કબૂતર આવે છે. ભરત દરરોજ એમને બાજરીના દાણા નાંખે. કબૂતર દાણા ચણે. ભરતને આ જોવાની મજા પડી.

પ્રશ્નો :

૧. આ કોની વાર્તા છે ?

૨. કોના ઘર પાસે કબૂતર આવે છે ?

૩. ભરત દરરોજ એમને શું નાંખે છે ?

૪. ભરતને શું જોવાની મજા પડે છે ?

૨. રામપૂર મારું ગામ છે. મારું ગામ નાનું છે. મારા ગામમાં એક તળાવ છે. તળાવ પાસે એકમોટું વડનું ઝાડ છે. ઝાડ નીચે છોકરાંઓ રમે છે. સાંજ પડે ગામનાં વડીલો વડ નીચે આવીને બેસે છે અને વાતો કરે.

પ્રશ્નો :

૧. અહીં કયા ગામની વાત કરે છે ?

૨. વડનું ઝાડ કયાં છે ?

૩. વડના ઝાડ નીચે કોણ રમે છે ?

૪. ગામના વડીલો વડના ઝાડ નીચે કયારે આવે છે ?

૫. તેઓ ત્યાં શું કરે છે ?

૩. આ કરસનકાકા છે. એ કુંભાર છે. એ માટીમાંથી જુદા જુદા વાસણો બનાવે છે. પહેલાં એ માટી પલાળે છે. પછી એને ખૂંદે છે. આ માટીને ચાકડા ઉપર મૂકે છે. ગોળ ગોળ ચાકડો ફેરવે છે. જોત જોતામાં તો એ માટલાં, કોડિયાં અને રમકડાં બનાવી દે છે. આખા ગામના લોકો એમની પાસેથી માટીના વાસણો ખરીદે છે.

પ્રશ્નો :

૧. કરસનકાકા શું કામ કરે છે ?

૨. માટીના વાસણ બનાવતાં પહેલાં કરસનકાકા શું કરે છે ?

૩. માટીના વાસણ શેના પર બનાવે છે ?

૪. કરસનકાકા માટીમાંથી શું શું બનાવે છે ?

૫. આ વસ્તુઓ કોણ ખરીદે છે ?

૬. કુંભાર કોને કહેવાય ?

૪. હંસ અને કાગડો બંન્ને દસ દોસ્ત હતાં. એક દિવસ બંન્ને જણાએ ઉડવાની શરત મારી. હંસ ધીમી ગતિએ ઉડતો હતો. કાગડો ઝડપથી હંસથી આગળ ઉડવા લાગ્યો. ઉડતાં ઉડતાં નદી પાર કરવાની આવી. કાગળો ખૂબ થાકી ગયો અને પાણીમા પડવા લાગ્યો. આ જોઇ હંસને દયા આવી અને તેણે કાગડાને પોતાની પીઠ પર બેસાડી લીધો.

પ્રશ્નો :

૧. કોણ કોણ દોસ્ત હતાં ?
૨. બંન્ને જણાંએ શેનો શરત મારી ?
૩. હંસ કેવી રીતે ઉડતો હતો ?
૪. કાગડો કેમ થાકી ગયો ?
૫. નદીમાં કોણ પડવા લાગ્યું ?
૬. હંસે કાગડાને કેવી રીતે બચાવ્યો ?
૭. હંસ અને કાગડાના રંગો કેવા હોય ?

૫. હોળી ફાગણ મહિનામા આવે છે. ભકત પ્રહલાદની યાદમાં હોળી ઉજવવામાં આવે છે. આ દિવસે સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. સ્ત્રીઓ હોળીની પૂંજા કરે છે - ધાણી અને ખજૂરનો પ્રસાદ વહેંચે છે. હોળીનો બીજો દિવસ ધૂળેટી કહેવાય છે. આ દિવસે બધાંય નાનાં-મોટાં એક બીજા સાથે ગુલાલ અને રંગથી રમે છે. આમ હોળી-ધૂળેટીનો તહેવાર ઉજવાય છે. હોળી હિંદુઓનો મોટો તહેવાર છે.

પ્રશ્નો :

૧. હોળી કયારે આવે છે ?
૨. કોની યાદમાં હોળી ઉજવવામાં આવે છે ?
૩. હોળી કયારે પ્રગટાવવામાં આવે છે ?
૪. હોળીની પૂંજા કોણ કરે છે ?
૫. તે દિવસે શેનો પ્રસાદ વહેંચવામા આવે છે ?
૬. હોળીનો બીજો દિવસ શું કહેવાય છે ?
૭. તે દિવસે લોકો શું કરે છે ?
૮. હોળી કોનો તહેવાર છે ?

૬. એક કઠિયારો જંગલમાં લાકડા કાપતો હતો. એને તરસ લાગવાથી એ પાણીની શોધવામાં કિશ્ના નદી કિનારે આવ્યો. એણે એની કુહાડી કિનારે મૂકી પાણી પીવા લાગ્યો. એટલામાં એની કુહાડી પાણીમાં સરી પડી. એ પાણીમાં કુહાડી શોધવા લાગ્યો. એટલામાં એક સુંદર જળપરી પાણીમાંથી બહાર આવી. તેના હાથમાં ત્રણ કુહાડી હતી. એક સોનાની, બીજી ચાંદાની અને ત્રીજી કઠિયારાની. કઠિયારો પોતાની કુહાડી જોઇ રાજી થઇ ગયો. એણે એની જૂની કુહાડી તરત હાથમાં લઇ લીધી. કઠિયારાની પ્રમાણિકતા જોઇ જળપરીએ કઠિયારા પર ખુશ થઇ ગઇ. એણે કઠિયારાને સોનાની અને ચાંદીની કુહાડીઓ ભેટ આપી.

પ્રશ્નો :

૧. જંગલમાં કઠિયારો શું કરતો હતો ?
૨. એ પાણીની શોધમાં કેમ ગયો ?
૩. કઠિયારો પાણીની શોધમાં ક્યાં ગયો ?
૪. પાણીમાં શું પડી ગયું ?
૫. પાણીમાંથી કોણ બહાર આવ્યું ?
૬. જળપરીનાં હાથમાં શું હતું ?
૭. કઠિયારાએ કઇ કુહાડી પસંદ કરી ?
૮. જળપરી કેમ ખુશ થઇ ગઇ ?
૯. જળપરાએ કઠિયારાને શું ભેટ આપ્યું ?